શ્રી ઓસિયાજી (સચ્ચિયાય) માતા મહાપૂજન તથા હવનવિધિ

૧) પૂજનના આગળના દિવસે માંડલું બનાવવું.

૨) પૂજનની તમામ સામગ્રી જોઈ લેવી અને ખુટતી વસ્તુ મંગાવી લેવી.

૩) માંડલું બનાવવાની જગ્યા સાફ કરાવી ગૌમુત્ર – ગુલાબજળ તથા સુવર્ણજળથી શુદ્ધ કરવી.

૪) ૩ વાટકી કેસર તૈયાર રાખવું.

૫) સિંહાસનસામેમોટોપાટમુકી લાલકપડુંપાથરીફળ, નૈવૈદ્ય આદિ અન્ય સામગ્રી વ્યવસ્થિત ગોઠવવી.

૬) સિંહાસન પાસે સ્નાત્રપૂજા માટેની સંપૂર્ણ તૈયારી કરવી. (ચામર, દર્પણ, પંખો, થાળી-ડંકો, ધૂપ, દીપક આદિ...)

૭) માંડલાની સામે પ્રતિમા માટે ચોરસ બાજોઠ મુકી બાજોઠ નીચે ચોખાથી સ્વસ્તિક કરી શ્રીફળ, સોપારી, બદામ, સવા રુપિયો મુકવો.

૮) બાજોઠ પર નાળચાવાળો થાળ મુકી કેસરથી સાથીયો કરી, સવા રુપિયો, ચોખા, સોપારી, બદામ મુકી મહાવીર સ્વામિ તથા માતાજીની પ્રતિમા પધરાવવી.

૯) પ્રતિમા પાસે પૂજાની સામગ્રી તૈયાર રાખવી. દા.ત. કેસર, બરાસ, મોટી થાળી ભરીને કુસુમાંજલિ, નાડાછડી બાંધેલા કળશો, પૂજાની થાળી, વાટકી, પુષ્પો, અડધી બાલ્ટી શુદ્ધ પાણી, એક બાલ્ટી

શુદ્ધ પાણી, અંગલૂંછણાં, પાટલૂંછણા, નેપકીન, ધૂપ-દીપક, માચીસ, કુંડી વગેરે.

૧૦) પ્રતિમા સામે ૩-૪ કટાસણા પાથરવા.

૧૧) ક્ષેત્રપાલ આદિ ૪ દેરી પાસે તેમાં પધરાવવાના દ્રવ્યની થાળી તૈયાર કરી મુકવી.

૧૨) સિંહાસન અને બાજોઠ પાસે ધૂપ-દીપક અખંડ રીતે ચાલુ રાખવા.

૧૩) વિધિકારકે જ્યાં બેસવાનું હોય ત્યાં ૧ થાળીમાં રક્ષાપોટલી, મીંઢળ, વાસક્ષેપ તૈયાર રાખવા. થાળી ઢંકો તૈયાર રાખવો.

૧૪) ભૂમિશુદ્ધિ માટે એક કળશમાં સુગંધિત સુવર્ણજળ તથા પુષ્પ અને એક વાટકીમાં કેસર તથા પુષ્પ તૈયાર રાખવું.

૧૫) હવન હોયતો કુંભ સ્થાપનાની શાંતિકળશની સંપૂર્ણ તૈયારી કરવી. દા.ત. અષ્ટમંગળનો ઘડો, સોપારી, બદામ, સવા રુપિયો, ચોખા, કળશો, નાડાછડી, નાગરવેલના ચાર પાન, શ્રીફળ, લીલું કપડું, વરખ, કેસર, બાદલું, પુષ્પમાળા આદિ...

૧૬) ૧૦૮ દીપકની આરતી તથા મંગલ દીપક તથા ૫ દીપકની આરતી તથા મંગલદીપક અને કપૂર તૈયાર રાખવું.

૧૭) પૂજન ચાલુ કરતા પહેલાં દશાંગધૂપ, કંદ્રુપધૂપથી વાતાવરણની શુદ્ધિ કરવી.

---

૧૮) બે થાળીમાં કોરા ચોખા વધાવવા માટે રાખવા.

૧૯) પૂજનાર્થીના હાથમાં મીંઢણ અથવા નાડાછડી બંધાવવી.

૨૦) પરમાત્માની દૃષ્ટિ ન પડે ત્યાં તિલકની બાદલા સાથે વ્યવસ્થા કરવી.

૨૧) દરેક પૂજનાર્થીને મુગટ-માળા ધારણ કરાવવા.

૨૨) દરેક પૂજનાર્થીને હાથ ધોઈ પછી જ પૂજન કરાવવું.

૨૩) શક્ય હોય ત્યાં સુધી દેરાસર અથવા પૂજનનું સ્થળ સજાવવું અને આસોપાલવનું તોરણ બંધાવવું.

Note:

૧) પૂજનની સમાપ્તિ સુધી ધૂપ-દીપક અખંડ પણે ચાલુ રહે તેનું ધ્યાન રાખવું.

૨) સિંહાસન, માંડલું અને પ્રતિમા વચ્ચેથી આડ ન પડે તેનું ધ્યાન રાખવું.

૩) કાળા વસ્ત્રો પહેરીને કોઈપણને પ્રવેશ કરવા દેવો નહીં.

૪) મજબૂત સંકલ્પ કરી પૂજનની શરૂઆત કરવી.

૫) પૂજનની સર્વ સામગ્રી પર ધૂપ કરવો.

૬) શક્ય હોય ત્યાં સુધી વિધિકારકે પૂજનનાં દિવસે યથાશક્તિ તપ કરવો.

૭) માંડલું બનાવતી વખતે અંગ તેમજ વસ્ત્ર શુદ્ધિ રાખવી.

।। શ્રી ઓસિયાજી (સચ્ચિયાય) માતા મહાપૂજન પૂર્વવિધિ ।।

(સૌ પ્રથમ પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા ભણાવવી.)

- ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને શ્રીફળ અર્પણ કરી મહાપૂજનની નિર્વિઘ્ન સમાપ્તિ માટે વિનંતી કરવી.
- નીચે લખેલો મંત્ર બોલી સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.
- પંચામૃત અને પાણી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્રઃ-

ॐ आपोऽप्काया એકેન્દ્રિયા જીવાઃ |નિર્વધ દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

- ધૂપ તથા દીપક ઉપર વાસક્ષેપ કરવાનો મંત્રઃ-

ॐ અગ્નયોઽગ્નિકાયા એકેઽન્દ્રિયા જીવાઃ |નિર્વધ દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ ક્ષન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા...!

- શેષ તમામ સામગ્રી તથા માંડલા ઉપર વાસક્ષેપ કરવાનો મંત્રઃ-

ॐ વનસ્પતયો વનસ્પતિકાયા એકેન્દ્રિયા જીવાઃ |નિર્વધ દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા...!

"ॐ ભૂર્ભુવઃ સ્વધાય સ્વાહા" (આ મંત્ર સાત વાર બોલી વાસક્ષેપથી અભિમંત્રિત ચોખા, પૂજન ભૂમિ પર પ્રક્ષેપ ભૂમિ શુદ્ધિ કરવી.) (ત્યારબાદ પૂજ્ય ગુરુભગવંતની અનુજ્ઞા લઈને પૂજનનો પ્રારંભ કરવો.)

।। અથ શ્રી ઓસિયાજી મહાપૂજન વિધિ ।।

-: મંગલાચરણ :-

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પઞ્ચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મઙ્ગલમ્ ।।

૧) ૐ હ્રીઁ નમો અરિહંતાણં । ૨) ૐ હ્રીઁ નમો સિદ્ધાણં ।

૩) ૐ હ્રીઁ નમો આયરિયાણં । ૪) ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં ।

૫) ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં । ૬) ૐ હ્રીઁ શ્રી ઓસિયા માત્રે નમઃ ।

(આ પાઠ સુમધુર સ્વરે ત્રણ વાર બોલવો.)

।। અથ ભૂમિશુદ્ધિ વિધાનમ્ ।।

(૧) પૂજન ભૂમિની આસપાસમાં રહેલા વાયુ મંડળને વાયુ શુદ્ધ કરવા માટે દેવલોકમાંથી વાયુકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ– ૐ હ્રીઁ વાતકુમારાય, વિઘ્નવિનાશકાય, મહીં પૂતાં કુરુ કુરુ સ્વાહા ।।

(આ મંત્ર બોલી દર્ભના ઘાસથી અથવા ખેસથી પ્રમાર્જના કરતા કરતા એક પ્રદક્ષિણા આપવી.)

(૨) ભૂમિ પર સુગંધિત સુવર્ણ જળની વૃષ્ટિ કરવા માટે દેવલોકમાંથી મેઘકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ– ૐ હ્રીઁ મેઘકુમારાય, ધરાં પ્રક્ષાલય, પ્રક્ષાલય હૂઁ ફૂટ્ સ્વાહા ।।

(આ મંત્ર બોલી પુષ્પ અથવા દર્ભના ઘાસને પાણીમાં બોળી પાણી છાંટતા છાંટતા એક પ્રદક્ષિણા આપવી.)

---

(૩) પૂજનભૂમિની વિશેષ શુદ્ધિ હેતુ ભૂતધાત્રી દેવીને નિમંત્રણ...

મંત્રઃ– ૐ ભૂરસિ ભૂતધાત્રિ ! સર્વભૂતહિતે ! ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ।।

(આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનના છાંટણાં કરતા કરતા પ્રદક્ષિણા આપવી.)

(૪) **દિગ્ બંધન** – (દુષ્ટ દેવી દેવતાઓના પ્રવેશ નિષેધ માટે નીચે લખેલા મંત્ર બોલી પાંચ દિશામાં પાણી છાંટવું.)

દિશાઃ–	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર	ઉર્ધ્વ
મંત્રઃ–	ક્ષાઁ	ક્ષીઁ	ક્ષૂઁ	ક્ષૌઁ	ક્ષઃ

(૫) **શોધન મંત્ર** – (નીચે લખેલો મંત્ર બોલી મનની શુદ્ધિ થઈ રહી છે. એવું ચિંતન કરવું.)

મંત્રઃ– ૐ અરજે વિરજે અશુદ્ધ વિશોધિનિ માં શોધય શોધય સ્વાહા ।।

(૬) **ભાવસ્નાન** – (બંને હાથમાં વિવિધ મહાન તીર્થો અને પવિત્ર નદીઓનું પાણી છે, તથા તેના દ્વારા હું સ્નાન કરી રહ્યો છું. એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ નમો વિમલનિર્મલાય સર્વતીર્થજલાય પાઁ પાઁ વાઁ વાઁ ઝ્વીઁ ક્ષ્વીઁ
અશુચિઃ શુચિર્ભવામિ સ્વાહા ।।

(આ મંત્ર બોલી શરીર પર ભાવથી સ્નાન કરવું...)

(૭) **અમૃતાભિષેક** – (નિમ્નોક્ત મંત્ર બોલતા મારા પર અમૃતની વર્ષા થઇ રહી છે અને મારો આત્મા પવિત્ર, નિર્મલ થઇ રહ્યો છે એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ અમૃતે ! અમૃતોદ્ભવે ! અમૃતવર્ષિણિ ! અમૃતં શ્રાવય શ્રાવય સ્વાહા ।।

(૮) **કલ્મષદહન** – (વિષય કષાયના કચરાને ભસ્મીભૂત કરવાની ભાવના સાથે મંત્ર બોલવા પૂર્વક બંને ભૂજાઓને સ્પર્શ કરવો.)

મંત્રઃ– ૐ વિદ્યુત્સ્ફુલિઙ્ગે મહાવિદ્યે સર્વકલ્મષં દહ દહ સ્વાહા ।।

(૯) **હૃદય શુદ્ધિ** – (રાગ-દ્વેષથી રહિત બનવાની ભાવનાપૂર્વક હૃદય પર બન્ને હાથ રાખવા.)

મંત્રઃ– ૐ વિમલાય વિમલચિત્તાય ઝ્વીઁ ક્ષ્વીઁ સ્વાહા ।।

---

(૧૦) **અંગુલીન્યાસ** – (આંગળીઓને દેવાધિષ્ઠિત કરવા માટે પહેલા મંત્ર બીજથી તર્જની દ્વારા અંગુઠાને અને બાકીના મંત્ર બીજો દ્વારા અંગુઠાથી ચારેય આંગળીઓને સ્પર્શ કરવો.)

આંગળીઃ–	અંગુઠો	તર્જની	મધ્યમા	અનામિકા	કનિષ્ઠા
મંત્રઃ–	હ્રાઁ	હ્રીઁ	હ્રૂઁ	હ્રૌઁ	હ્રઃ

(૧૧) **પંચાગન્યાસ** – (આરોહ-અવરોહપૂર્વક (૧) ઢીંચણ (૨) નાભિ (૩) હૃદય (૪) મુખ અને (૫) શિખા એમ પાંચે અંગો પર હાથનો સ્પર્શ કરવાપૂર્વક મંત્ર બીજોની સ્થાપના કરવી.)

ક્રમઃ	૧	૨	૩	૪	૫
આરોહ :	ક્ષિ	૫	ૐ	સ્વા	હા,
ક્રમઃ	૫	૪	૩	૨	૧
આરોહ :	હા	સ્વા	ૐ	૫	ક્ષિ

(આ વિધાન ત્રણ વખત કરવું.)

।। શ્રી વજ્રપઞ્જરસ્તોત્રમ્ ।।

(સંસારિક વિપત્તિઓ દૂર કરનારી, આધ્યાત્મિક સંપત્તિ આપનારી તથા સાત ભયોનું નિવારણ કરી અભય બનાવનારી, મહાન્ ચમત્કારી અનુષ્ઠાન સ્વરુપ આત્મરક્ષા વિવિધ મુદ્રાઓ સાથે કરતા કરતા આપણી આસપાસ વજ્રમય કિલ્લો બની રહ્યો છે, એવી કલ્પના કરવી.)

।। શ્રી વજ્રપઞ્જર સ્તોત્ર વિધાન ।।

(રાગઃ રઘુપતિ રાઘવ રાજારામ)

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ । આત્મરક્ષાકરં વજ્ર-પઞ્જરાભં સ્મરામ્યહમ્ ।।૧।।

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ । ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ।।૨।।

ૐ નમો આયરિયાણં, અઙ્ગરક્ષાડતિશાયિની । ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દૃઢમ્ ।।૩।।

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે । એસો પઞ્ચનમુક્કારો, શિલા વજ્રમયી તલે ।।૪।।

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ । મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાઙ્ગારખાતિકા ।।૫।।

સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મઙ્ગલં । વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે ।।૬।।

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની । પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ।।૭।।

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા । તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ।।૮।।

(ઉપરોક્ત સ્તોત્ર જે પૂન્યાત્મા હંમેશા આદર સહિત બોલે છે,
તે આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે.)

।। રક્ષાપોટલી મંત્રિત વિધાન ।।

મંત્રઃ– ૐ હૂઁ ક્ષૂઁ કુટ્ કીરિટિ કીરિટિ ઘાતાય ઘાતય,

પરકૃત–વિઘ્નાન્ સ્ફેટય સ્ફેટય સહસ્ત્રખણ્ડાન્ કુરુ કુરુ,

પરમુદ્રાં છિન્દ છિન્દ, પરમન્ત્રાન્ પરમન્ત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ કુટ્ સ્વાહા ।।

(આ મંત્ર સાત વાર બોલી રક્ષાપોટલી ગુરુભગવંતે અથવા વિધિકારકે અભિમંત્રિત કરવી.)

।। રક્ષાપોટલી બાંધવાનો મંત્ર ।।

મંત્રઃ– ૐ નમોઽર્હતે રક્ષ રક્ષ હૂઁ ફુટ્ સ્વાહા ।।

(આ મંત્ર બોલી શુભ સંકલ્પ દ્વારા રક્ષાપોટલી બાંધવી.)

।। વેદિકા સ્થાપના ।।

મંત્રઃ– ૐ હ્રીઁ અર્હં શ્રી ઓસિયા માતઃ ! શ્રી સચ્ચિયાય માતઃ!

અત્ર મેરુનિશ્ચલે વેદિકાપીઠે તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્વાહા ।।

(આ મંત્ર બોલી બાજોઠ સ્થાપના કરવી.)

।। ચંત્ર સ્થાપના ।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રી ઓસિયા માત્રે નમઃ ।।

(આ મંત્ર બોલી શ્રી ઓસિયા માતાજીની પ્રતિમાને સ્પર્શ કરવો.)

।। શ્રી ક્ષેત્રપાલાદિ ચતુર્દેવકુલિકા પૂજનમ્ ।।

।। શ્રી ક્ષેત્રપાલદેવ પૂજન ।।

મંત્રઃ– ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી અત્રસ્થક્ષેત્રપાલાય સ્વાહા ।।

(યંત્ર ઉપર જળ, ચંદન તથા પુષ્પ પૂજા તથા માંડલામાં લીલું શ્રીફળ, ચમેલીનું તેલ, જાસુદનું પુષ્પ તથા સવા રુપિયો અર્પણ કરવો.)

।। શ્રી માતંગદેવ પૂજન ।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ શ્રી ચરમતીર્થાધિપતિ ! શ્રીમહાવીરસ્વામિ !

શાસનરક્ષાકારકાય શ્રીમાતંગયક્ષાયનમઃ સ્વાહા... ।

(યંત્ર પર જળ, ચંદન તથા પુષ્પપૂજા માંડલામાં શ્રીફળ, નૈવેદ્ય, સવારુપિયો તથા પુષ્પ અર્પણ કરવું...)

।। શ્રી સિદ્ધાયિકા દેવી પૂજન ।।

મંત્રઃ– ૐ હ્રૂં શ્રૉં શ્રીચતુર્વિંશતીતમીયક્ષિણીસિદ્ધાયિકાદેવ્યૈ નમઃ સ્વાહા...।

(યંત્ર પર ચંદન અને પુષ્પ તથા માંડલામાં શ્રીફળ, નૈવેદ્ય, સવારુપિયો તથા પુષ્પ અર્પણ કરવું...)

।। શ્રી રત્નપ્રભસૂરિ ગુરુપાદુકા પૂજન ।।

(રાગઃ સ્નાતસ્યા)

સૂરિઃ ષષ્ટતમો બભૂવગુણવાન્, રત્નપ્રભો નામકઃ।
સોપ્યાસીદધિકઃ પ્રિયોજિનમતે, વિદ્યાધરાણાં પ્રભુઃ।
ગત્વા ઉત્પલદેવ નામ નૃપતિં, જ્યાતોપકેશેપૂરે,
વંશી મંત્રિવરં તપોહમપિ યન્ત્રાન્સ્ય લક્ષાધિકાન્ ।।

મંત્રઃ– ૐ હ્રૂં શ્રૉં શ્રી ષટ્ત્રિંષત્ગુણધારકાય, યુગપત્ ઉપકેશપૂર કોરટાતીર્થ પ્રતિષ્ઠાકારાય શ્રી ઓસિયા દેવી સાધકાય શ્રી રત્નપ્રભસૂરીશ્વરાય નમઃ સ્વાહા ।

(યંત્ર પર જળ, ચંદન અને પુષ્પ તથા માંડલામાં શ્રીફળ, નૈવેદ્ય, સવારુપિયો તથા પુષ્પ અર્પણ કરવું.)

(ત્યારબાદ જો ભગવાનની પ્રતિમા સ્થાપિત કરી હોય તો
ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરી માતાજીની પૂજા પ્રારંભ કરવી.)
પ્રથમ ઓસિયાજી માતાજીનું આહવાન્ આદિનું વિધાન કરવું.

।। અથ આહ્વાનાદિ વિધાનમ્ ।।

આહ્વાન મુદ્રા : ૐ હ્રૂં શ્રૉં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ! અત્ર પૂજનવિધૌ અવતર અવતર સંવૌષટ્ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

સ્થાપન મુદ્રા : ૐ હ્રૂં શ્રૉં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ ! અત્ર પૂજનવિધૌ તિષ્ઠ તિષ્ઠ । ઠઃ ઠઃ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

સન્નિધાન મુદ્રા : ૐ હ્રૂં શ્રૉં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ! અત્ર પૂજનવિધૌ મમ સન્નિહિતા ભવ ભવ વષટ્ ।

।। શ્રી સિદ્ધાયિકા દેવી પૂજન ।।

મંત્રઃ– ૐ હ્રૂં શ્રીં શ્રીચતુર્વિંશતીતમીયક્ષિણીસિદ્ધાયિકાદેવ્યૈ નમઃ સ્વાહા...।

(યંત્ર પર ચંદન અને પુષ્પ તથા માંડલામાં શ્રીફળ, નૈવેદ્ય, સવારુપિયો તથા પુષ્પ અર્પણ કરવું...)

।। શ્રી રત્નપ્રભસૂરિ ગુરુપાદુકા પૂજન ।।

(રાગઃ સ્નાતસ્યા)

સૂરિઃ ષષ્ટતમો બભૂવગુણવાન્, રત્નપ્રભો નામકઃ।
સોપ્યાસીદધિકઃ પ્રિયોજિનમતે, વિદ્યાધરાણાં પ્રભુઃ।
ગત્વા ઉત્પલદેવ નામ નૃપતિં, પ્યાતોપકેશેપૂરે,
વંશી મંત્રિવરં તપોહમપિ યન્ત્રાન્શ્ચ લક્ષાધિકાન્ ।।

મંત્રઃ– ૐ હ્રૂં શ્રીં શ્રી ષટ્ત્રિંષત્ગુણધારકાય, યુગપત્ ઉપકેશપૂર કોરટાતીર્થ પ્રતિષ્ઠાકારાય શ્રી ઓસિયા દેવી સાધકાય શ્રી રત્નપ્રભસૂરીશ્વરાય નમઃ સ્વાહા।

(યંત્ર પર જળ, ચંદન અને પુષ્પ તથા માંડલામાં શ્રીફળ, નૈવેદ્ય, સવારુપિયો તથા પુષ્પ અર્પણ કરવું.)

(ત્યારબાદ જો ભગવાનની પ્રતિમા સ્થાપિત કરી હોય તો
ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરી માતાજીની પૂજા પ્રારંભ કરવી.)
પ્રથમ ઓસિયાજી માતાજીનું આહવાન્ આદિનું વિધાન કરવું.

।। અથ આહ્વાનાદિ વિધાનમ્ ।।

આહ્વાન મુદ્રા : ૐ હ્રૂં શ્રીં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ! અત્ર પૂજનવિધૌ અવતર અવતર સંવૌષટ્ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

સ્થાપન મુદ્રા : ૐ હ્રૂં શ્રીં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ ! અત્ર પૂજનવિધૌ તિષ્ઠ તિષ્ઠ ।ઠઃ ઠઃ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

સન્નિધાન મુદ્રા : ૐ હ્રૂં શ્રીં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ! અત્ર પૂજનવિધૌ મમ સન્નિહિતા ભવ ભવ વષટ્ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીં શ્રીં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ ! અત્ર પૂજનવિધૌ પૂજાં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

અવગુંઠન મુદ્રા: ૐ હ્રીં શ્રીં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ ! અત્ર પૂજનવિધૌ મમ સન્નિહિતા પરેષામદૃશ્યા ભવ ભવ । ફટ્ ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

અંજલિ મુદ્રા : ૐ હ્રીં શ્રીં શ્રી ઓસવાલવંશ કુલદેવિ! ઉપકેશપૂર (ઓસિયા) તીર્થાધિષ્ઠાયિકે !
શ્રી ઓસિયાજી માતઃ ! અત્ર પૂજનવિધૌ ઈમાં પૂજાં ગૃહાણ ગૃહાણ સ્વાહા ।
નમઃ શ્રી ઓસિયા માત્રે સ્વાહા ।।

૧. પ્રથમા જળપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

ન તાતો ન માતા ન બન્ધુ ર્ન દાતા, ન પુત્રો ન પુત્રી ન ભૃત્યો ન ભર્તા,
નજાયાન વિદ્યા, નવૃત્તિર્મમૈવ, ગતિસ્ત્વંગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૧।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,
સચ્ચિયાય ઇતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ
શ્રી ઓસિયા માત્રે જલં સમર્પયામિ સ્વાહા ।।
લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે જલં સમર્પયામિ સ્વાહા... ।

(આ મંત્ર ૨૭ વાર બોલી અભિષેક કરાવવો.)

૨. દ્વિતીયા ગંધપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

ભવાબ્ધાવપારે મહાદુઃખભીરુઃ, પપાત પ્રકામી પ્રલોભી પ્રમત્તઃ,
કુસંસારપાશપ્રબદ્ધઃ સદાઽહં, ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૨।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,
સચ્ચિયાય ઇતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ
શ્રી ઓસિયા માત્રે ગંધં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે ગંધં સમર્પયામિ સ્વાહા...।

(આ મંત્ર ૨૭ વાર બોલી વાસક્ષેપ પૂજા કરાવવી.)

૩. તૃતીયા પુષ્પ પૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

નજાનામિ દાનં, નચ ધ્યાન યોગમ્, નજાનામિતન્ત્રં નચસ્તોત્રમન્ત્રમ્,
નજાનામિપૂજાં, નચન્યાસ યોગં, ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૩।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,
સચ્ચિયાય ઈતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ
શ્રી ઓસિયા માત્રે પુષ્પં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે પુષ્પં સમર્પયામિ સ્વાહા...।

(આ મંત્ર ૨૭ વાર બોલી પુષ્પ પૂજા કરાવવી.)

૪. ચતુર્થી ધૂપપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

નજાનામિપુણ્યં, નજાનામિતીર્થં, નજાનામિમુક્તિં, લયંવા કદાચિત્।
નજાનામિ ભક્તિં, વ્રતં વાપિમાતઃ, ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૪।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,
સચ્ચિયાય ઈતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ
શ્રી ઓસિયા માત્રે ધૂપં આઘ્રાપયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે ધૂપં આઘ્રાપયામિ સ્વાહા...।

(આ મંત્ર ૨૭ વાર બોલી ધૂપ પૂજા કરાવવી.)

૫. પંચમી દીપકપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

કુકર્મી કુસંગી કુબુદ્ધિઃ કુદાસઃ, કુલાચારહીનઃ કદાચાર લીનઃ।
કુદૃષ્ટિઃ કુવાક્ય પ્રબન્ધઃ સદાઽહં, ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૫।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,

સચ્ચિયાય ઇતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ

શ્રી ઓસિયા માત્રે દીપં દર્શયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ ઓસિયામાત્રે દીપં દર્શયામિ સ્વાહા...।

(આ મંત્ર ૨૭ વાર બોલી દીપક પૂજા કરાવવી.)

૬. ષષ્ઠી અક્ષતપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

પ્રજેશં રમેશં મહેશં સુરેશં, દિનેશં નિશીથેશ્વરં વા કદાચિત્ ।

નજાનામિ ચાન્યત્ સદાઽહં શરણ્યે ! ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૬।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,

સચ્ચિયાય ઇતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ

શ્રી ઓસિયા માત્રે અક્ષતં દર્શયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ ઓસિયામાત્રે અક્ષતં દર્શયામિ સ્વાહા...।

(આ મંત્ર ૨૭ વાર બોલી અક્ષત પૂજા કરાવવી તથા અક્ષતથી ત્રિશુલ બનાવવું.)

૭. સપ્તમી નૈવેદ્યપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

વિવાદે વિષાદે પ્રમાદે પ્રવાસે, જલે ચાનલે પર્વતે શત્રુમધ્યે।

અરણ્યે શરણ્યે સદા માં પ્રપાહિ ! ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૭।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,

સચ્ચિયાય ઇતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ

શ્રી ઓસિયા માત્રે નૈવેદ્યં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ ઓસિયામાત્રે નૈવેદ્યં સમર્પયામિ સ્વાહા...।

(આ મંત્ર ૨૭ વાર બોલી નૈવેદ્ય ત્રિશુલ પર ચઢાવવું.)

૮. અષ્ટમી ફળપૂજાઃ– (રાગઃ કલ્લાણકંદં) (નમોઽર્હત્)

અનાથો દરિદ્રો જરારોગયુક્તો, મહાક્ષીણદિનઃ સદા જાડ્યવક્ત્રઃ ।
વિપત્તૌ પ્રવિષ્ટઃ પ્રણષ્ટઃ સદાઽહં, ગતિસ્ત્વં ગતિસ્ત્વં ઓસિયાજી ત્વમેવ ।।૮।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,
સચ્ચિયાય ઈતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ
શ્રી ઓસિયા માત્રે ફલં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે ફલં સમર્પયામિ સ્વાહા... ।

(આ મંત્ર ૨૭ વાર બોલી ફળો ત્રિશુલ પર ચઢાવવા.)

૯. નવમી મુદ્રિકાપૂજાઃ– (રાગઃ સ્નાતસ્યા) (નમોઽર્હત્)

કિંવાનેન ધનેન વાજિકરિભિઃ પ્રાપ્તેન રાજયેનકિં,
કિંવા પુત્ર કલત્ર મિત્ર પશુર્ભિ દેહેન ગેહેન કિં ।

જ્ઞાત્વૈતત્ક્ષણ ભંગુરં સપદિરે ત્યાજ્યંમનો દૂરતઃ
સ્વાત્માર્થં ગુરુવાક્યતો ભજભજ શ્રી ઓસિયા માતરમ્ ।।૯।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,
સચ્ચિયાય ઈતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ
શ્રી ઓસિયા માત્રે મુદ્રિકાં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે મુદ્રિકાં સમર્પયામિ સ્વાહા... ।

(આ મંત્ર ૨૭ વાર બોલી સોનાની, ચાંદીની, ગિની અથવા
રોકડા રુપિયા માતાજીના ચરણોમાં અર્પણ કરવા.)

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,

સચ્ચિયાય ઈતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ

શ્રી ઓસિયા માત્રે વસ્ત્રં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે વસ્ત્રં સમર્પયામિ સ્વાહા... ।

(આ મંત્ર ૨૭ વાર બોલી માતાજીને ચૂંદડી તથા લાલ ચાડી અર્પણ કરવી.)

૧૧. ષોડશાભરણપૂજાઃ– (રાગઃ સ્નાતસ્યા) (નમોઽર્હત્)

કાંચી સૂત્ર-વિનૂત-સાર-નિચિતૈઃ કેયુર સત્કુંડલૈર,

મઞ્જીરાંગદ મુદ્રિકાદિમુકુટ, પ્રાલમ્બિકા વાસકૈઃ ।

અગ્ર્યચ્યાટિક પટ્ટિકાદિવિગલદ્, ગ્રૈવેયકૈર્ભુષણૈઃ,

સિન્દૂરાંગ-સુકાન્તિ વર્ષ સુભગૈઃ, સમ્પૂજયામો વયમ્ ।।૧૧।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રી ઉપકેશપૂર અધિષ્ઠાયિકાયૈ,

સચ્ચિયાય ઈતિ અપરનામ ધારિણ્યૈ, ઓસવાલ વંશ રક્ષાકારિણ્યૈ ભગવત્યૈ

શ્રી ઓસિયા માત્રે ષોડશાભરણં સમર્પયામિ સ્વાહા ।।

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં ઓસિયામાત્રે ષોડશાભરણં સમર્પયામિ સ્વાહા... ।

(સજોડે છત્ર-હાર આદિ આભૂષણો તથા શ્રૃંગાર આદિ સોળે શણગાર ધરાવવા)

।। દોરા અભિમંત્રણ ।।

મનોકામના પૂર્ણ કરવા માટે મજબૂત સંકલ્પ કરી માતાજીનું ધ્યાન ધરતાં ઉનના રેશમી લાલ દોરાને નીચેનો મંત્ર બોલતા બોલતા સૌ પ્રથમ વચ્ચે પછી ૧૩ ગાંઠ જમણી બાજુ ૧૩ ગાંઠ ડાબી બાજુ એમ ૨૭ ગાંઠ લગાવવી.)

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં શ્રીઓસિયાજી માતઃ ! શ્રી સચ્ચિયાયમાતઃ !

દૂષ્ટાન્ ચૂરય ચૂરય મનોવાંછિતં પૂરય પૂરય સ્વાહા... ।।

(૨૭વાર બોલવો.)

(અભિમંત્રિત દોરાને જમણા હાથમાં રાખી હાથ તથા આંખો બંધ કરી નીચેનો શ્લોક સાંભળવો.)

(રાગઃ સ્નાતસ્યા)

લક્ષ્મી ભાગ્યકરા જગત્સુખકરા, વધ્યાસુપુત્રાર્પિતા,

નાનારોગ વિનાશિની અઘહરા, પૂણ્યાત્મનાંરક્ષિકા,

રડકાનાં ધનદાયિકા સુફલદા, વાગ્છાર્થી ચિંતામણિસ્,

ત્રૈલોક્યાધિપર્તિભવાર્ણવતરી, શ્રી ઓસિયા પાતુ વઃ ॥૩॥

(ત્યારબાદ પરમાત્માની આરતી, મંગળદીવો, માતાજીની આરતી, શાંતિકળશ આદિ વિધિ કરવી.)

॥ ઓસિયા માતાજીની આરતી ॥ (રાગઃ ૐ જય જગદીશ)

ૐ જયઅમ્બેશ્વરી મૈયા જય મંગલ મુરતી, મૈયા જય આનંદ કરણી,

તુમકુ નિશદિન ધ્યાવત, હરબ્રહ્માશિવરી...ૐ...જય...(૧)

માંગ સિંદુર બિરાજત ટીકો, મૃગમદકો મૈયા,

ઉજ્જવલસે દોઉં નૈના, ચન્દ્રબદનનીકો...ૐ...જય...(૨)

કનક સમાન કલેવર, રક્તાંબર રાજે,

રક્તજં પુષ્પગલે માલા, કંઠન પર સાજે...ૐ...જય...(૩)

કેહરિવાહન રાજત, ખડગખપ્પરધારી,

સુરનરમુનિજન સેવત, તિન કે દુઃખહારી...ૐ...જય...(૪)

કાનન કુંડલ શોભિત, નાસાગ્રે મોતી,

કોટિકચન્દ્રદિવાકર, રાજત સમજ્યોતિ...ૐ...જય...(૫)

શુમ્ભ વિશુક્તી વિધારે, મહિષાસુરઘાતી,

ધુમ્ર વિલોચન નૈયા, નિશદિનમદમાતી...ૐ...જય...(૬)

ચંડમુંડ સંહારે શોભિત, બીજહરે મૈયા,

મધુ કૈટભ દોઉં મારે, સુરભયહીન કરે...ૐ...જય...(૭)

તું બ્રહ્માણી તુ રુદ્રાણી, માં તુમ કમલા રાની,

આગમનિગમ વખાણી, હૈ તુ શિવપટરાણી...ૐ...જય...(૮)

તુંહી જગકી માતા, તુમહી હો ભરતા,

ભક્તો કે દુઃખ હરતા, સુખ સંપત્તિ કરતા...ૐ...જય...(૯)

ચોસઠ યોગિની ગાવત, નૃત્યં કરત ભૈરું,

બાજતતાલ મૃદંગા ઓર બાજત ડમરું...ૐ...જય...(૧૦)

ભૂજાચાર અતિ શોભત, ખડગવપ્રધારી,

મનવાંછિત ફલપાવત, સેવત નરનારી...ૐ...જય...(૧૧)

કંચનથાલ વિરાજત, અગર કપૂર બાતી,

શ્રી માલકે તુમે રાજત, ઓસિયા ભવનમેં બિરાજત,

કોટી રતન જ્યોતિ...ૐ...જય...(૧૨)

શ્રી સચ્ચિયાયજી કી આરતી, જો કોઈ નર ગાવે,

ભણત શીવાનન્દસ્વામી, સુખ સંપત્તિ પામે...ૐ...જય...(૧૩)



॥ ક્ષમાપના મંત્ર ॥

ૐ આજ્ઞાહીનં ક્રિયાહીનં, મંત્રહીનં ચ યત્કૃતમ્, તત્ સર્વં કૃપયા દેવ્ય! ક્ષમન્તુ પરમેશ્વર્યઃ ॥૧॥

ૐ આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્, પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વરિ! ॥૨॥

(ત્યારબાદ વાસક્ષેપ દ્વારા વિસર્જન કરવું.)

॥ વિસર્જન મંત્ર ॥

ૐ વિસર વિસર સ્વસ્થાનં ગચ્છ ગચ્છ પુનરાગમનાય પ્રસીદ પ્રસીદ સ્વાહા ॥

(વાસક્ષેપથી વિસર્જન કરવું.)

॥ અથ હવન વિધિ ॥

(જો પૂજન પછી તરત જ હવન કરવાનું હોય તો માતાજીની આરતી, હવન પછી કરવી તથા કુંભ સ્થાપના દીપક સ્થાપના પૂજન પહેલાં જ કરાવી દેવી.)

।। હવન વિધિ પ્રારંભ ।।

।। હવન માટે અગત્યની સૂચનાઓ ।।

૧) હવનકુંડ ત્રણ મેખલાવાળો કાચી ઈંટનો, આગળના ભાગમાં ઘીની આહુતિ માટે જીભ વાળો ત્રિકોણકારે બનાવવો તથા આગળના દિવસે ધોળાવીને રાખવો. ત્રણેય પીઠોને મીંઢણ યુક્ત નાડાછડી બાંધવી.

૨) હવનમાં ઉપયોગમાં લેવાના લાકડા તથા ઔષધિ વગેરેને જીવજંતુથી રહીત કરવા.

૩) લાકડાના નાના-નાના ટુકડાઓ કરાવી લેવા અને એક મોટા થાળમાં મુકવા.

૪) આહુતિની ક્રિયા શરુ કરતા પહેલા આ લાકડાઓને ઘીથી ભીંજવી તૈયાર રાખવા, કપૂરનું ચૂર્ણ તૈયાર રાખવું.

૫) આહુતિ માટેની ગોળીઓ માટે કેસર, અગર, તગર, બરાસનો ભુક્કો, નાગરમોથ, છેડ-છબીલો, અખરોટનો ભુક્કો તથા હવનપૂડો, ખોપરાનો બુરો મીક્ષ કરી તેમાં ઘી નાખી નાના-નાની ૧૦૮ ગોળીઓ બનાવવી.

૬) હવન માટે લાકડાનો ચમચો તૈયાર રાખવો.

---

૭) પૂજાદ્રવ્યો મુકવા માટે તથા આહુતિ આપવા માટે સ્ટીલના પાત્રનો ઉપયોગ કરવો નહીં.

૮) પ્રતિમા કે ફોટાની સન્મુખ જ હવનકુંડ હોય તો શ્રેષ્ઠ છે. શક્ય ન હોય તો નજીકના ખુલ્લા આકાશ નીચે હવનકુંડ બનાવી શકાય છે.

૯) હવન પહેલા કુંભ તથા દીપક સ્થાપના કરાવવી.

૧૦) હવન સામગ્રીના દ્રવ્યો વ્યવસ્થિત યોગ્ય પાત્રમાં ગોઠવવાં.

૧૧) વિધિકારકે તથા પૂજનાર્થીઓએ હાથમાં મીંઢણ અથવા નાડાછડી બાંધવી, કેસરનું તિલક કરવું. તથા પૂજન કરનારાઓએ ફુલની માળા અને મુકુટ ધારણ કરવા.

૧૨) આહુતિ માટેના દ્રવ્યો અલગ-અલગ વ્યક્તિઓના હાથમાં આપી કુંડની સામે બેસાડવા.

૧૩) એક થાળીમાં રક્ષાપોટલી તથા લાલ ધાગા વાસક્ષેપ સાથે તૈયાર રાખવા.

૧૪) આરતી તથા શાંતિ કળશની તૈયારી રાખવી.

૧૫) નાળિયેરના સુકા ગોળામાં ઉપરથી છેદ કરી ઘીથી સંપૂર્ણ ભરી વરખ લગાવવો.

૧૬) એક થાળીમાં લાપસી, ખીર, પૂરી, ભજીયા અને બાકુલા તૈયાર રાખવા.

૧૭) સર્વ સામગ્રી ઉપર નવકારમંત્ર તથા શ્રી ઓસિયાજી માતાજીનું સ્મરણ કરીને વાસક્ષેપ કરવો.

૧૮) હવનકુંડના ત્રણેય ખૂણામાં અને વચ્ચે કંકુથી સ્વસ્તિક કરી તેની ઉપર પાન, સોપારી અને નાળિયેરનો ગોળો પધરાવવો.

૧૯) હવનકુંડમાં લાકડા ગોઠવી થોડું કપૂર ગોઠવવું.

(સૌ પ્રથમ શુભ મુહૂર્તે કુંભ સ્થાપના વિધિ અને દીપક સ્થાપના વિધિ કરવી.)

સર્વ પ્રથમ ત્રણ નવકાર પછી વજ્રપઞ્જર સ્તોત્ર બોલવું.

(પ્રથમ સ્નાન કરી પૂજાના વસ્ત્રો પહેરવા. કેસરનું તિલક કરીને નાડાછડી અને મીંઢણ બાંધવા. હવે સજોડે અથવા સૌભાગ્યવતી બહેન પાસે નિમ્ન વિધિ કરાવવી.)

(જ્યાં કુંભને સ્થાપન કરવાનો હોય ત્યાં ભૂમિ શુદ્ધિ કરીને તેના ઉપર બહેન પાસે કંકુનો સાથિયો દોરાવવો અને તેના ઉપર સવાશેર ડાંગર અથવા ચોખાનો સાથિયો કરાવવો. કુંભને નાડાછડી તથા મીંઢણ બાંધવું. નિમ્ન મંત્ર કુંભ ઉપર કેસર દ્વારા લખવો.

મંત્રઃ– ૐ હ્રીઁ સર્વોપદ્રવાન્ નાશય નાશય સ્વાહા ।

(કુંભમાં ચંદનનો સાથિયો કરાવીને તેમાં સવારુપિયો, ચોખા, સોપારી, પંચરત્નની પોટલી આદિ મુકવું.)

(એક-બે દિવસ અગાઉ કુંભ સ્થાપના કરવાની હોય તો તેમાં કપૂર નાખવું.)

(ત્યાર પછી શુદ્ધ પાણી લઈને તેના વડે અખંડ જલધારા પૂર્વક શુભ મુહૂર્તે એક નવકાર, એક ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલતા કુંભ ભરાવવો.)

(પછી નવકાર બોલવો, પછી ચાર નાગરવેલના પાન મૂકી ઘડામાં શ્રીફળ પધરાવી લીલા કપડાથી ઘડાને બાંધવો, ત્યારબાદ કેસરથી વિલેપન કરી, વરખ લગાવી, પુષ્પમાલા પહેરાવી, સજોડાએ ઘડો ભરીને પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપતા ધવલ મંગલ ગીતો ગાવા અને ઘડાને ચોખાથી વધાવવો, પછી પ્રભુજીની અથવા માતાજીની જમણી બાજુ કુંભ સ્થાપનાની જગ્યા પર આવીને ડાંગરના સ્વસ્તિક ઉપર ત્રણ નવકાર ગણવા પૂર્વક નિમ્નોક્ત મંત્ર દ્વારા શ્વાસ સ્થિર કરી ઘડો પધરાવવો.)

મંત્રઃ– ૐ હ્રીઁ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ।।

(પછી હાથમાં કુસુમાંજલિ ગ્રહણ કરી નીચેના શ્લોક બોલીને ત્રણવાર કુંભને વધાવવો.)

(રાગઃ સ્નાતસ્યા)

પૂર્ણં યેન સુમેરુશૃઙ્ગસદૃશં, ચૈત્યં સુદેદીપ્યતે,

યઃ કીર્તિં યજમાન-ધર્મકથન-પ્રસ્ફુર્જિતાં ભાષતે ।

યઃ સ્પર્ધાં કુરુતે જગત્રયમહા-દીપેન દોષારિણા,

સોડયં મંગલ રુપ-મુખ્યગણનઃ કુમ્ભશ્ચિરં નન્દતાત્ ।।

(કુંભની જમણી બાજુએ દીપક સ્થાપના કરવી, તેમાં નીચે કંકુ અથવા કેસરનો સાથિયો કરી ભીની માટી મુકવી. ॐ ह्रीँ सर्वोपद्रवान् नाशय नाशय स्वाहा । આ મંત્ર વડે નાડાછડી, મીંઢણ, ફાનસને બાંધી, સાત નવકાર ગણી માટી પર તે ફાનસને મુકવું. પછી પરમાત્માની સમક્ષ સજોડાને બેસાડી ત્રાંબાના કોડીયામાં સાથિયો કરાવી તેમાં પંચરત્નની પોટલી, સવારુપિયો અને સોપારી મુકવી પછી ૨૭ તારની દીવેટ મુકવી.)

(પછી નિમ્નોક્ત શ્લોક, ત્રણવાર બોલી શ્વાસ સ્થિર કરી કોડીયામાં ઘી પૂરાવવું.)

(રાગઃ આર્યાછંદ)

ॐ घृतमायुर्वृद्धिकरं, भवतिपरं जैनदृष्टि संपर्कात् ।

तत्संयुक्तः प्रदीपः पातु, सदा भाव-दुःखेभ्यः ।। स्वाहा ।।

(પછી નીચેનો શ્લોક બોલીને અન્ય દીપક વડે દીપક પ્રગટાવવો.)

ॐ अर्हम्-पञ्चज्ञानमहाज्योति-र्मयोऽयं दवान्त घातिने ।

द्योतनाय प्रतिमाया, दीपो भूयात् सदाऽर्हतः ।।

(પછી સજોડે પરમાત્માની ત્રણ પ્રદક્ષિણા આપી દીપકની જ્યોત કુંભ સમક્ષ રહે તે રીતે માટી પર દીપકને સ્થાપન કરાવો.)

(ગુરુભગવંતે અથવા વિધિકારકે નિમ્ન મંત્ર પૂર્વક દીપક પર વાસક્ષેપ કરવો.)

મંત્રઃ- ॐ आपोऽप्काया એકેન્દ્રિયા જીવાઃ નિર્વધ્યા દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

(ફાનસને પુષ્પ-માળા પહેરાવીને કુસુમાંજલિપૂર્વક દીપકને વધાવવો. સંપૂર્ણ હવન પર્યંત ધૂપ-દીપક અખંડ પણે ચાલુ રાખવા.) (ત્યારબાદ વાસક્ષેપ દ્વારા હવન-ભૂમિશુદ્ધિ કરવી.)

મંત્રઃ- ॐ [ ] भूरसि ! भूतधात्रि ! सर्वभूतहिते ! भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી વાસક્ષેપ વડે કુંડની દશે દિશામાં દશ દિકપાલ દેવનું આહ્વાનના ભાવથી પૂજન કરવું.)

।। દિકપાલ વાસક્ષેપ પૂજન મંત્ર ।। નમોઽર્હત્.....

૧) ॐ ઇન્દ્રાય નમઃ (પૂર્વ)
૨) ॐ અગ્નયે નમઃ (અગ્નિ)
૩) ॐ યમાય નમઃ (દક્ષિણ)
૪) ॐ નૈઋતયે નમઃ (નૈઋતિ)

૫) ૐ વરુણાય નમઃ (પશ્ચિમ)
૬) ૐ વાયવે નમઃ (વાયવ્ય)
૭) ૐ કુબેરાય નમઃ (ઉત્તર)
૮) ૐ ઈશાનાય નમઃ (ઈશાન)
૯) ૐ બ્રહ્મણે નમઃ (ઊર્ધ્વ)
૧૦) ૐ નાગાય નમઃ (અધો)

(પછી હવન કુંડની રક્ષા માટે નિમ્નોક્ત મંત્ર દ્વારા પીળા સરસવને ધૂપથી ધૂપી હવનકુંડની ચારે બાજુ જમીન ઉપર છાંટવા.)

।। સરસવ નિક્ષેપ ।।

નમોઽર્હત્.....

સરસવ વિધિ મંત્રઃ– ૐ હ્રીં શ્રીં ક્ષાં સર્વોપદ્રવેભ્યઃ રક્ષ રક્ષ સ્વાહા ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી હવનકુંડની અગ્નિ પ્રગટાવવી. થોડું ઘી અને કપૂર ચૂર્ણ નાખવું.)

।। અગ્નિ પ્રાગટ્ય મંત્ર ।।

નમોઽર્હત્.....

મંત્રઃ– ૐ રૅં રાં રીં રું રૌં રઃ નમોઽગ્નયે નમો બૃહદ્ભાનવે નમો

અનંત તેજસે કુણ્ડે આગચ્છ આગચ્છ અવતર અવતર તિષ્ઠ તિષ્ઠ સ્વાહા ।

શ્રી ઓસિયા માતઃ । મમ એષ યોગઃ સફલી ભવતુ ।।

(ત્યારબાદ નિમ્નોક્ત મંત્ર બોલી અગ્નિ શુદ્ધિ કરવી.)

નમોઽર્હત્.....

મંત્રઃ– ૐ અગ્નયોઽગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ નિર્વધ્યા દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

।। अथ आह्वानादि विधानम् ।।

आह्वान मुद्रा : ॐ ह्रीँ श्रीँ श्री ओसवालवंश कुलदेवि! उपकेशपूर (ओसिया) तीर्थाधिष्ठायिके !
श्री ओसियाजी मातः ! अत्र हवन विधौ अवतर अवतर संवौषट् ।
नमः श्री ओसिया मात्रे स्वाहा ।।

स्थापन मुद्रा : ॐ ह्रीँ श्रीँ श्री ओसवालवंश कुलदेवि! उपकेशपूर (ओसिया) तीर्थाधिष्ठायिके !
श्री ओसियाजी मातः ! अत्र हवन विधौ तिष्ठ तिष्ठ । ठः ठः ।
नमः श्री ओसिया मात्रे स्वाहा ।।

सन्निधान मुद्राः ॐ ह्रीँ श्रीँ श्री ओसवालवंश कुलदेवि! उपकेशपूर (ओसिया) तीर्थाधिष्ठायिके !
श्री ओसियाजी मातः ! अत्र हवन विधौ मम सन्निहिता भव भव वषट् ।
नमः श्री ओसिया मात्रे स्वाहा ।।

सन्निरोध मुद्रा : ॐ ह्रीँ श्रीँ श्री ओसवालवंश कुलदेवि! उपकेशपूर (ओसिया) तीर्थाधिष्ठायिके !
श्री ओसियाजी मातः ! अत्र हवन विधौ पूजां यावद् अत्रैव स्थातव्यम् ।
नमः श्री ओसिया मात्रे स्वाहा ।।

अवगुंठन मुद्राः ॐ ह्रीँ श्रीँ श्री ओसवालवंश कुलदेवि! उपकेशपूर (ओसिया) तीर्थाधिष्ठायिके !
श्री ओसियाजी मातः! अत्र हवन विधौ मम सन्निहिता परेषामदृश्या भव भव फट् ।
नमः श्री ओसिया मात्रे स्वाहा ।।

अंजलि मुद्रा : ॐ ह्रीँ श्रीँ श्री ओसवालवंश कुलदेवि! उपकेशपूर (ओसिया) तीर्थाधिष्ठायिके !
श्री ओसियाजी मातः! अत्र हवन विधौ ईमां पूजां प्रतीच्छ प्रतीच्छ नमः स्वाहा ।
नमः श्री ओसिया मात्रे स्वाहा ।।

।। ग्रहशान्ति स्तोत्र ।।

जगद्गुरुं नमस्कृत्य, श्रुत्वा सद्गुरु-भाषितम् ।
ग्रहशान्तिं प्रवक्ष्यामि, भव्यानां सुखहेतवे ।।१।।
जिनेन्द्रैः खेचरा ज्ञेयाः, पूजनीया विधि-क्रमात् ।
पुष्पै र्विलेपन धूपै, र्नैवेद्यैस्तुष्टि हेतवे ।।२।।
पद्मप्रभस्य मार्तंड-श्चन्द्रश्चन्द्रप्रभस्य च ।
वासपूज्यस्य भूपुत्रो, बुधस्याऽष्टौ जिनेश्वराः ।।३।।

વિમલાનન્તધર્માડરાઃ શાન્તિઃ કુન્થુર્નમિસ્તથા ।
વર્ધમાનસ્તથૈતેષાં, પાદપદ્મે બુધો ન્યસેત્ ।।૪।।
ઋષભાજિતસુપાર્શ્વા-શ્ચાભિનન્દનશીતલૌ ।
સુમતિઃ સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિઃ ।।૫।।
સુવિધેઃ કથિતઃ શુક્રઃ, સુવ્રતસ્ય શનૈશ્ચરઃ ।
નેમિનાથસ્ય રાહુઃ સ્યાત્, કેતુઃ શ્રીમલ્લિપાર્શ્વયોઃ ।।૬।।
જન્મલગ્ને ચ રાશૌ ચ, યદા પીડન્તિ ખેચરાઃ ।
તદા સંપૂજયેદ્ધિમાન્, ખેચરૈઃ સહિતાન્ જિનાન્ ।।૭।।
પુષ્પ-ગંધાદિભિઃ ધૂપૈ, નૈવેદ્યૈઃફલ સંયુતૈઃ ।
વર્ણસદશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ ।।૮।।
જિનાનામગ્રતઃ સ્થિત્વા, ગ્રહાણાં, શાન્તિહેતવે ।
નમસ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ।।૯।।
ભદ્રબાહુરુવાચૈવં, પંચમઃ શ્રુતકેવલી ।
વિદ્યાપ્રવાદતઃ પૂર્વાદ્, ગ્રહશાન્તિ-વિધિઃ-શ્રુતઃ ।।૧૦।।

(ત્યારબાદ તિજયપહુત્ત સ્તોત્ર બોલવું.)

।। શ્રી તિજયપહુત્ત સ્તોત્રમ્ ।।

તિજયપહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં ।
સમય-ક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં ।।૧।।
પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણ-વર સમૂહો ।
નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં ।।૨।।
વીસાપણયાલા વિ ય, તીસા પન્નત્તરી જિણ-વરિંદા ।
ગહ-ભૂઅ-રક્ખ-સાઈણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ ।।૩।।
સત્તરિ પણ-તીસા વિ ય, સટ્ઠી પંચેવ જિણ-ગણો એસો ।
વાહિ-જલજલણ-હરિ-કરિ, ચોરારિ મહા-ભય હરઉ ।।૪।।
પણ-પન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા ।
રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા ।।૫।।
ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહ ય ચેવ સરસુંસઃ ।
આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓ ભદ્દં ।।૬।।

ૐ રોહિણી પન્નત્તી, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ ।
ચક્કેસરિ નરદત્તા, કાલી, મહાકાલી તહ ગોરી ॥૭॥
ગંધારી મહજ્જાલા, માણવી વઇરુટ્ટ તહ ય અચ્છુત્તા ।
માણસી મહ-માણસિઆ, વિજ્જા-દેવીઓ રક્ખંતુ ॥૮॥
પંચદસ-કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરી જિણાણ સયં ।
વિવિહ-રયણાઇ-વન્નો, વસોહિઅં હરઉ દુરિઆઇં ॥૯॥
ચઉતીસ-અઇસય-જુઆ, અટ્ઠ-મહાપાડિહેર-કય-સોહા ।
તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં ॥૧૦॥
ૐ વરકણય સંખવિદુમ, મરગયઘણ સન્નિહં વિગય મોહં ।
સત્તરિસયં જિણાણં, સવ્વામર-પૂઇઅં વંદે સ્વાહા ॥૧૧॥
ૐ ભવણવઇ-વાણવંતર, જોઇસવાસી વિમાણવાસી અ ।
જે કે વિ દુટ્ઠ દેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા ॥૧૨॥
ચંદણ કપ્પૂરેણં, ફલએ લિહિઊણ ખાલિઅં પીઅં ।

એગંતરાઇ-ગહ ભૂઅ, સાઇણિ-મુગ્ગં પણાસેઇ ॥૧૩॥
ઇસ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં ।
દુરિઆરિવિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ ॥૧૪॥

॥ અથ આહૂતિ વિધાનમ્ ॥

(નિમ્નોક્ત મંત્ર ૧૦૮ બોલી એક ભાગ્યશાળીએ
ઓસયા માતાજીની પ્રતિમા પર વાસક્ષેપ અર્પણ કરવો.)

મંત્રઃ- ૐ હ્રીં શ્રીં શ્રી ઓસિયાજી सच्चियाय मात:!

गंधं पुष्पं आहुतिं गृहाण गृहाण स्वाहा... ॥

હવન કુંડમાં ચંદનનું કાષ્ઠ, હવનપૂડાની ગોળી, ઘી તથા તજ, લવિંગ, ઈલાયચી
આદિ દ્વારા આહુતિ અર્પણ કરવી.

આહૂતિ પૂર્ણ થયા બાદ ઘી તથા ખાંડથી ભરેલો નાળિયેરનો ગોળો હાથમાં લઈને એક નવકાર, ઉવસગ્ગહરં તથા મોટી શાંતિ બોલવા પૂર્વક 'ૐ સ્વાહા । ૐ સ્વાહા । ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા ।' આ પદ આવે ત્યારે નાળિયેરના ગોળાને હવનકુંડમાં સીધો પધરાવવો. પછી સુખડી, લાપસી આદિ નૈવેદ્યનો થાળ માતાજીને અર્પણ કરવો.

પૂર્ણાહૂતિ મંત્રઃ- ૐ અસ્મિન્ જંબુદ્વિપે ભરતક્ષેત્રે દક્ષિણાર્ધમ ભરતે મધ્યખંડે.....દેશે.....પ્રાંતે..... નગરે.....સ્વામી જિન પ્રાસાદે શ્રી સંઘગૃહે શ્રેષ્ઠિવર્ય શ્રીમાન્.....પરિવારકારિતે પ્રત્યક્ષ પ્રભાવીની ઉપદ્રવ નિવારીણી જગદ્વન્દ્યા શ્રી ઓસિયાદેવી વિશિષ્ટ મહાપૂજનાહૂતિ વિધિવિધાન નિમિત્તે સવિધિ સવિનયં સુગંધિત પદાર્થાશ્ચ હવન પૂજન સ્વાહા ।। ૐ શ્રીઁ ઓસીયા દેવિ! ભોગં સુખં યશઃ સન્તતિં ઋદ્ધિં વૃદ્ધિં બુદ્ધિં સિદ્ધિં સમૃદ્ધિં આરોગ્યં વ્યાપારવૃદ્ધિં સહકુટુમ્બસ્ય આરોગ્ય રાજય સુખ સર્વજન વશ્યં સર્વ સમીહિતં કલ્યાણં સમક્તિ નિર્મલતાં ચ દેહિ દેહિ સ્વાહા ।। (ગુલાબજળ કુંડમાં પધરાવવું.)

(ત્યારબાદ આરતી, ક્ષમાપના, વિસર્જન આદિ વિધાન કરવું.)

।। સામગ્રી લિસ્ટ ।।

કેસર ૧ ગ્રામ	સોના-ચાંદીની ગિની યથાશક્તિ	વાસક્ષેપ ૫૦૦ ગ્રામ
દશાંગ, કન્દ્રુપ, ધૂપ ૨૫૦ ગ્રામ	સોનાનો વરખ ૧-૨ પાના	ચાંદીનો વરખ ૧૦ થોકડી
સોનેરી બાદલું ૧ ગ્રામ	રુ બંડલ ૧ નંગ	નાડાછડી ૧ ગટ્ટો
ચમેલીનું તેલ ૧ શીશી	કપૂર ગોટી ૧ ગોટી	ગુલાબ જલ ૧ શીશી
અત્તરની બોતલ ૫ નંગ	રક્ષાપોટલી પૂજનાર્થી પ્રમાણે	લાલધાગા પૂજનાર્થી પ્રમાણે
તજ, લવિંગ, ઈલાયચી ૧૦-૧૦ ગ્રામ	માટીનું કુંડ ૧ નંગ	સુકો મેવો (મીક્ષ) ૫૦૦ ગ્રા
ફલ	**કાપડ**	**ધાન્ય**
લીલા શ્રીફળ ૧ નંગ	લીલું સાટીન ૦.૨૫ મીટર	ચોખા ૯ કીલો
સુકા શ્રીફળ ૫ નંગ	નેપકીન ૩ નંગ	ઘઉં ૧ ।। કિલો
દાડમ ૧૧ નંગ	અંગલૂંછણા ૫ નંગ	મગ ૧ ।। કિલો
મોસંબી ૧૧ નંગ	કટાસના ૫ નંગ	ચણાદાળ ૧।। કિલો

દ્રાક્ષ ૧૧ નંગ
નાગરવેલ પાન ૧૧ નંગ

મીઠાઇ

મીક્ષ મીઠાઇ ૩ કિ.ગ્રા.

ગોરસ

ગાયનું દૂધ ૧ લીટર
ગાયનું દહીં ૧ વાટકી
ગાયનું ઘી ૫૦૦ ગ્રામ

પાટલૂંછણા ૨ નંગ
લાલ ચૂંદડી ૧ નંગ

પુષ્પ

ગુલાબ ૧૦૮ નંગ

કાળા અડદ ૨૫૦ ગ્રામ
લાલ સાડી ૧ નંગ

ઘરે બનાવવાનું નૈવેદ્ય

લાપસી, ભજીયા,
પૂરી તથા ભોજનનો થાળ



દેરાસર સામાન

ત્રિગડું ૧ નંગ
નળીવાળો પરાત ૧ નંગ
મંગળદીવો ૧ નંગ
બાજોઠ ૧૦ નંગ
મોટી થાળી ૧૦ નંગ
કળશ ૫ નંગ
મોટા પાટ ૨ નંગ
માતાજીની પ્રતિમા+યંત્ર ૧-૧ નંગ

શાંતિનાથ ભ. તથા સિદ્ધચક્રજી ૧ નંગ
૧૦૮ દીવાની આરતી ૧ નંગ
શાંતિ કળશ ઘડો ૧ નંગ
ધૂપધાણા ૨ નંગ
નાની થાળી ૧૫ નંગ
પિત્તળની ડોલ ૨ નંગ
મુગટમાળા ૧૫ નંગ

મહાવીર સ્વા. પ્રતિમા ૧ નંગ
પાંચદીવાની આરતી ૧ નંગ
થાળી ડંકો ૧ નંગ
દીપક ૨ નંગ
પૂજા વાટકી ૫ નંગ
કુંડી ૨ નંગ
ચામર ૨ નંગ

હવન સામગ્રી

પીપળો+ચંદના લાકડા ૧૧૧ નંગ
બીજા લાકડા ૩ કિ.ગ્રા.
ગુલાલ ૧૦ ગ્રામ

હવનપુડા ૫ નંગ
અબિલ ૧૦ ગ્રામ
કંકુ ૧૦ ગ્રામ

હળદળ ૧૦ ગ્રામ	નાળિયેરના ગોળા ૬ નંગ
હવનકુંડ ૧ નંગ	સરસવ ૧૦ ગ્રામ
લાકડાના ચીપીયા ૩ નંગ	ખોપરાનો બુરો ૧૦૦ ગ્રામ
ખાંડ ૧૦૦ ગ્રામ	કપૂર ૧૦૦ ગ્રામ
ઘી ૧ કિ.ગ્રા.	સુકો મેવો ૫૦૦ ગ્રામ

સોળ શૃંગાર

ચૂંદડી ૧ નંગ	વાળી ૧ જોડ	પાયલ ૧ જોડ
સિંદુર ૧ ડબ્બી	કાંચ ૧ નંગ	ગજરો ૧ નંગ
મુગટ ૧ નંગ	માળા ૧ નંગ	કંકુ ૧ ડબ્બી
છત્ર ૧ નંગ	બંગડી ૧૨ નંગ	કુંડલ ૧ જોડ
ચાંદલા પેકેટ ૧ નંગ	મહેંદી ૧ પેકેટ	કાંસકો ૧ નંગ
વીંટી ૧ નંગ		